# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 21-05-2024 MORNING : 7.45 to 7.55
Day : TUESDAY National News

### આકાશવાણી સમાચાર રિદ્ધિ ઉંધાડ વાંચે છે.

*************************************************

- ✓ પાંચમા તબક્કાનું અદાજીત મતદાન 60.48 ટકા નોંધાયું .. સૌથી વધુ પશ્ચિમ બંગાળમાં અને સૌથી ઓછુ મહારાષ્ટ્રમાં મતદાન થયું
- ✓ હવે પછીના તબકકાઓના મતદાન માટે વિવિધ રાજકીય પક્ષોના નેતાઓનો આક્રમક પ્રચાર...પીએમ મોદી બિહાર અને વારાણસી જ્યારે એસપીના વડા અખિલેશ યાદવ અને ડિમ્પલ યાદવ ઉત્તર પ્રદેશમાં સભા સંબોધશે...માયાવતીની પણ જાહેર સભા
- ✓ હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ માટે ભીષણ ગરમીની આપી ચેતવણી.. અનેક રાજ્યોમાં રેડ એલર્ટ જાહેર
- ✓ અમદાવાદ એરપોર્ટ પરથી ઝડપાયેલા ચાર આંતકવાદીઓ 14 દિવસના રિમાન્ડ પર
- ✓ આજથી **IPL**નો પ્લેઓફ રાઉન્ડ શરૂ. - પ્રથમ ક્વોલિફાયર મેચ અમદાવાદમાં કોલકાતા નાઇટ રાઇડર્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે રમાશે.

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# FIFTH PHASE ELECTION

લોકસભાના પાંચમા તબક્કા માટે સોમવારે શાંતિ પૂર્ણ રીતે મતદાન પૂર્ણ થયું હતું. ચૂંટણી પંચે જાહેર કરેલા અત્યાર સુધીના આંકડાઓ અનુસાર સરેરાશ 60.48 ટકા મતદાન નોંધાયું હતું. જેમાં સૌથી વધુ 76.05 ટકા મતદાન પશ્ચિમ બંગાળમાં તો સૌથી ઓછું 54.33 ટકા મતદાન મહારાષ્ટ્રમાં નોંધાયું હતું. જ્યારે લદ્દાખમાં 69.62, ઝારખંડમાં 63.09, ઓડિશામાં 69.34, ઉત્તરપ્રદેશમાં 57.79, જમ્મુ-કાશ્મીરમાં 58.17, બિહારમાં 54.85 ટકા મતદાન નોંધાયું હતું.

છ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ મળીને 49 બેઠકો માટે મતદાન થયું હતું. જેમાં ઉત્તર પ્રદેશની 14, મહારાષ્ટ્રની 13, પશ્ચિમ બંગાળની 7, ઓડ઼િશા અને બિહારની પાંચ-પાંચ, ઝારખંડની 2, જ્યારે કે જમ્મૂ કાશ્મીર અને લદ્દાખની એક -એક બેઠકો માટે મતદાન થયું હતું. ઓડિશાની 35 વિધાનસભા બેઠકો માટે પણ મતદાન થયું, જેમાં અત્યાર સુધીમાં 69.34 ટકા મતદાન નોંધાયું છે.

આ તબક્કામાં 695 જેટલા ઉમેદવારોના ભાવીનો ફેંસલો થશે. મતગણતરી 4 જૂને હાથ ધરવામાં આવશે. આ તબક્કામા વિવિધ પાર્ટીના રાજકીય દિગ્ગજો જેવા કે ભાજપના નેતા રાજનાથસિંહ, પિયૂષ ગોએલ, સ્મૃતિ ઇરાની, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, કે. એલ. શર્મા, નેશનલ કોન્ફરેન્સના ઓમર અબ્દુલ્લાહ, એલજેપીના ચિરાગ પાસવાન સહિતના નેતાઓના ભાવી ઇવીએમમાં સીલ થયા.

ચૂંટણી પંચે સરળ અને પારદર્શક મતદાન માટે તમામ પ્રકારના પગલાં લીધા હતા. અંદાજે 8 લાખ, 47 હજાર જેટલા ચૂંટણીકર્મીઓ, વિવિધ રાજ્યોના 94 હજાર, 732 ચૂંટણી કેન્દ્રો પર તૈનાત કરાયા હતા. ગરમીને જોતા કેન્દ્રો પર શેડ,વ્હીલચેર, રેમ્પ, પાણી સહિતની વિવિધ વ્યવસ્થા કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . .

પુલ,હર્ષલ, (નવીન)

# PM BIHAR

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી આજે બિહારમાં બે જાહેર સભાઓને સંબોધશે. તેઓ મોતિહારીમાં ભાજપના ઉમેદવારના સમર્થનમાં પૂર્વી ચંપારણ લોકસભા ક્ષેત્રમાં ગાંધી મેદાન ખાતે ચૂંટણી રેલી કરશે. શ્રી મોદી પ્રયાગરાજમાં જાહેરસભાને સંબોધશે. તેઓ સાંજે વારાણસીમાં સંપૂર્ણાનંદ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે માત્રી શક્તિ સંમેલનને સંબોધશે.

અહી તેઓ ગૃહિણીઓ, તબીબો, શિક્ષકો, વેપારીઓ, એડવોકેટ અને રમતવીરો સાથે વાતચીત કરશે. શ્રી મોદી આજે વારાણસીમાં રાત્રિ રોકાણ કરશે અને આવતી કાલે ઉત્તરપ્રદેશમાં વધુ બે જાહેર સભાઓ સંબોધશે.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ વારાણસી અને આઝમગઢમાં, સપાના પ્રમુખ અખિલેશ યાદવ આઝમગઢ અને ભદોહી જિલ્લામાં, ડિમ્પલ યાદવ આઝમગઢમાં અને બસપાના વડા માયાવતી જોનપુર જિલ્લામાં જાહેર સભાઓ સંબોધશે.

. . . . . . . . . . . . . . . . . .

-પુલ અનિલ આર પટેલ ,(નવીન)

# MAHA-WAR-PF-WORDS

ગઇકાલે મહારાષ્ટ્રમાં ઓછા મતદાનનો મુદ્દો ચર્ચાસ્પદ બન્યો છે.. ઘણા મતવિસ્તારોમાંથી ધીમા મતદાનનો એક મુદ્દો ઉઠ્યો હતો, ખાસ કરીને મુંબઈ મેટ્રોપોલિટન પ્રદેશમાં જ્યાં સોમવારે પાંચમા તબક્કામાં મતદાન થયું હતું ત્યાં મુદ્દો ચર્ચાસ્પદ બન્યો હતો.. આ મામલે રાજકીય આરોપ પ્રત્યારોપનો દોર પણ શરૂ થઇ ગયો હતો..

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રી  અને શિવસેના ઉધ્ધવ જૂથના વડા ઉદ્ધવ ઠાકરેએ મુંબઈમાં ધીમા મતદાનનો આક્ષેપ કર્યો હતો અને ભારતીય જનતા પાર્ટી પર ઓછા મતદાન માટે ચૂંટણી પંચનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો હતો.

પત્રકારો સાથે વાત કરતા, શ્રી ઠાકરેએ આક્ષેપ કર્યો કે ઘણા મતદારો લાંબી કતારોને કારણે મતદાન કર્યા વિના પાછા ફર્યા હતા, વધુમાં ઉમેર્યું કે મતદારોને જાણી જોઈને હેરાન કરવામાં આવ્યા હતા.

ઉધ્ધવ ઠાકરેના આરોપોનો જવાબ આપતા મહારાષ્ટ્રના નાયબ મુખ્ય મુખ્યમંત્રીએ કહ્યું હતું કે મુંબઈમાં મતદાનની ધીમી ગતિ અંગે ચૂંટણી પંચને સૌથી પહેલા ફરિયાદ ભાજપે જ કરી હતી.

તેમણે ટ્વીટ કર્યું કે શિવસેના (UBT)ના વડા 4 જૂન પછીની પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયાર નથી.. માટે જ તેઓ આરોપો લગાવી રહ્યાં છે.

. . . . . . . . . . . . . . . . .

પુલ, હર્ષલ પંડ્યા, (નવીન)

# MAHA CM VOTE

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી  એકનાથ શિંદેએ કહ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર કોઈપણ જાતિ કે ધાર્મિક પક્ષપાત વિના તમામ નાગરિકોના કલ્યાણ માટે કામ કરવા માટે પ્રતિબદ્ધ છે.

તેમણે કહ્યું કે છેલ્લા એક દાયકામાં શ્રી મોદીએ કરેલા વિકાસ કાર્યો અને વિકસીત ભારતનો ઉદ્દેશ્ય ભારત અને તેના નાગરિકો માટે ઉજ્જવળ ભવિષ્ય સુનિશ્ચિત કરવાનો છે.

શ્રી શિંદે મહારાષ્ટ્રમાં મતદાનના પાંચમા અને અંતિમ તબક્કામાં મતદાન કર્યા બાદ પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા. તેમણે, તેના પિતા સંભાજી, પત્ની લતા, પુત્ર અને કલ્યાણ લોકસભાના ઉમેદવાર શ્રીકાંત અને તેની પત્ની વૃષાલી સાથે થાણેના વાગલે એસ્ટેટમાં એક મતદાન મથક પર મતદાન કર્યું હતું.

મુંબઈ મહાનગર પ્રદેશ ભાજપ-શિવસેના ગઠબંધનનો ગઢ છે એમ જણાવતાં શ્રી શિંદેએ કહ્યું કે તેમને વિશ્વાસ છે કે NDA આ પ્રદેશની તમામ બેઠકો જીતશે.

. . . . . . . . . . . . . . . . . .

પુલ,  POOL- HARSHAL, (નવીન)

# RASTRIY SHOK

હેલિકોપ્ટર દુર્ઘટનામાં ઈરાનના રાષ્ટ્રપતિ ડૉ. સૈયદ ઈબ્રાહિમ રઇસી અને વિદેશ મંત્રી હોસૈન અમીર-અબ્દોલ્લાહિયનના મૃત્યુ પર ભારતે આજે એક દિવસના રાજ્ય શોકની જાહેરાત કરી છે. દેશભરમાં આજે જ્યાં નિયમિતપણે રાષ્ટ્રધ્વજ લહેરાતો હોય તે તમામ ઈમારતો પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ લહેરાશે. આજના દિવસે કોઈ સત્તાવાર મનોરંજન કાર્યક્રમ યોજાશે નહીં.

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી અને વિદેશ પ્રધાન ડૉ. એસ. જયશંકરે ડૉ. સૈયદ ઈબ્રાહિમ રઇસી અને હુસૈન અમીર-અબ્દોલ્લાહિયનના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.

આ અગાઉ ઇરાનના સર્વોચ્ચ વડા અયતોલ્લાહ અલી ખમૈનીએ ઉપરાષ્ટ્રપતિ મહોમ્મદ મુખબીરને કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે નિયુક્ત કર્યા છે. તેમણે રાષ્ટ્રપતિ અબ્રાહિમ રઈસીના નિધન પ્રસંગે પાંચ દિવસના રાષ્ટ્રીય શોક જાહેર કર્યો હતો. નિયમ પ્રમાણે ઉપરાષ્ટ્રપતિ મુખબીર કાર્યકારી રાષ્ટ્રપતિ તરીકે ર્યભાર સંભાળશે. જ્યારે કે રાષ્ટ્રપતિ માટેની ચૂંટણી આગામી 50 દિવસોમાં યોજવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

પૂલ ,હર્ષલ, નવીન

# MID BREAK- NEWS- REGIONAL

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

...................................................

રિપીટ

# Chardham Yatra

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા દરમિયાન ભક્તોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે.. ધસારાના પગલે ઑફલાઇન નોંધણી 31મી મે સુધી સ્થગિત કરી દેવામાં આવી છે.. ઉત્તરાખંડના મુખ્યમંત્રી, પુષ્કર સિંહ ધામીએ ગઈકાલે ચારધામ યાત્રા અંગે દહેરાદૂનમાં એક બેઠક દરમિયાન આ સૂચનાઓ આપી હતી, સત્તાવાળાઓને ભક્તોના ધસારાને નિયંત્રિત કરવા માટે ટૂર ઓપરેટરો માટે માર્ગદર્શિકા ઘડી કાઢવાનો નિર્દેશ આપ્યો હતો..

દરમિયાન, રાજ્યના ચારેય ધામોમાં યાત્રાળુઓની અવરજવર સરળતાથી ચાલી રહી છે, છેલ્લા 10 દિવસમાં આશરે 7 લાખ શ્રદ્ધાળુઓએ કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમુનોત્રી ધામની દર્શન કર્યા છે.

. . . . . . . . . . . . . . . . . .

પુલ, પૂલ- હર્ષલ પંડ્યા

# REV.-IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી ચાર દિવસ માટે ઉત્તર પશ્ચિમ ભારતના મેદાની વિસ્તારો, ઉત્તર મધ્યપ્રદેશ અને ગુજરાતમાં હીટવેવની સ્થિતિ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે, આ મહિનાની 24 તારીખ સુધી પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, પશ્ચિમ રાજસ્થાન, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, પૂર્વ રાજસ્થાન અને ઉત્તર પશ્ચિમ મધ્ય પ્રદેશમાં ગરમીના મોજાથી લઈને ભીષણ ગરમીની સ્થિતિ પ્રવર્તે તેવી શક્યતા છે.

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી ભારતના દક્ષિણ ભાગોમાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ પણ જાહેર કર્યું છે.

. . . . . . . . . . . . . . . . . .

પૂલ- હર્ષલ,(નવીન)

# GUJARAT-HEATWAVE

ગુજરાતમાં આગામી ત્રણ દિવસ હીટવેવ યથાવત રહેવાની આગાહી હવામાન વિભાગે કરી છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં મહત્તમ તાપમાન અમરેલી, ભાવનગર, અમદાવાદ અને ડીસામાં 45 ડિગ્રી નોંધાયું હતું.

રાજ્યમાં આગામી પાંચ દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છ અને અન્ય જિલ્લાઓમાં હીટવેવની સ્થિતિ યથાવત રહેશે. અમદાવાદ અને રાજકોટમાં પાંચ દિવસ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે,

બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, આણંદ, સુરત, વલસાડ, સુરેન્દ્રનગર, ભાવનગર, જૂનાગઢ અને પોરબંદર જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . . . . . .

પુલ,હર્ષલ, (નવીન)

# ATS – Terrorist

ગુજરાત ATSએ અમદાવાદ એરપોર્ટ પરથી ઝડપેલા ચાર આંતકવાદીઓને ગઈકાલે મોડી સાંજે ઘીકાંટા મેટ્રો કોર્ટમાં રજૂ કર્યા હતા. કોર્ટે આ તમામ આરોપીનો 14 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

એટીએસે કોર્ટમાં રજૂ કરીને તેમની પૂછપરછ માટે આંતકવાદી સાથે સાંઠગાંઠ, ક્યાં ક્યાં હુમલો કરવાના હતા વગેરે કારણો રજૂ કર્યા હતા. આ તમામ મુદ્દાઓ રજૂ કરીને એટીએસે 14 દિવસના રિમાન્ડની માગણી કરી હતી. જે કોર્ટને મંજૂર કર્યા હતા.

નોંધપાત્ર છે કે, ગઈકાલે એટીએસે શ્રીલંકાથી આવેલા ચાર આતંકવાદીઓને અમદાવાદ એરપોર્ટ પરથી ઝડપી પાડ્યા હતા. શ્રીલંકાથી આવેલા આ ચારેય આંતકવાદીઓને ફક્ત તમીલ ભાષા આવડતી હોવાના કારણે તમિલ દૂભાસિયાની મદદથી એટીએસે પૂછપરછ કરી હતી.

. . . . . . . . . . . . . . . . . .

- પુલ, હર્ષલ પંડ્યા, મયુર

# IPL Match

આજથી આઇપીએલનો પ્લેઓફ રાઉન્ડ શરૂ થશે. પ્રથમ ક્વોલિફાયર મેચ આજે રાત્રે 7-30 કલાકે અમદાવાદમાં કોલકાતા નાઇટ રાઇડર્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે રમાશે. બંને ટીમો લીગ તબક્કાના પોઇન્ટ ટેબલમાં અનુક્રમે પ્રથમ અને દ્વિતિય ક્રમે છે.

આજની મેચ જીતનારી ટીમ સીધી ફાઇનલમાં પ્રવેશશે, જ્યારે હારનાર ટીમ બુધવારે આરસીબી અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાનારી મેચની વિજેતા ટીમ સામે રમશે.

. . . . . . . . . . . . . . . . . .

-ડેસ્ક અનિલ આર પટેલ

,(નવીન)

# PARA-ATHLETICS--WORLD-RECORD

વિશ્વ પેરા એથ્લેટિક્સ સ્પર્ધાના ચોથા દિવસે ભારતને પ્રથમ સુવર્ણ ચંદ્રક મળ્યો છે. મહિલાઓની 400 મીટર ટી-20 કેટેગરીમાં ભારતીય ખેલાડી દિપ્તી જીવનજીએ 55.7 સેકેન્ડમાં રેસ પુર્ણ કરી સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

દિપ્તીએ અમેરિકાની બ્રીએના કલાર્કનો 55.12 સેકન્ડનો વિશ્વ રેકોર્ડ પણ તોડયો છે. તેમણે હીટસમાં એશિયન રેકોર્ડ તોડી ફાઇનલ માટે કવોલીફાય કર્યું હતું.

જયારે પુરૂષોની એફ-56 કેટેગરીમાં ડિસ્કસ થ્રોઅર યોગેશ કથુનિયાએ રજત ચંદ્રક જીત્યો છે.

આ દરમિયાન ભારતે એક સુવર્ણ, એક રજત અને બે કાંસ્ય ચંદ્રક સાથે કુલ 4 ચંદ્રક મેળવ્યા છે.

. . . . . . . . . . . . . . . . . .

પુલ, રિદ્ધિ,(નવીન)

# MAH RESULTS

મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ આજે બપોર એક વાગ્યે ધોરણ 12 ના વિદ્યાર્થીઓ માટે પરિણામ જાહેર કરશે.

બોર્ડ દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર અખબારી યાદી મુજબ, ધોરણ 12ના વિદ્યાર્થીઓ mahahsscboard.in, mahresult.nic.in, hscresult.mkcl.org અને hsc.mahresults.org.in દ્વારા તેમના પરિણામો ઓનલાઈન જોઈ શકશે. વિદ્યાર્થીઓએ તેમનો રોલ નંબર અથવા રજીસ્ટ્રેશન નંબર, ઈમેલ આઈડી અને નામ દાખલ કરવાનું રહેશે. ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા 21મી ફેબ્રુઆરીથી 19મી માર્ચ દરમિયાન યોજાઈ હતી.

15 લાખ 13 હજારથી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. પરિણામોની જાહેરાત બાદ, પુનઃમૂલ્યાંકન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ 22મી મેથી 5મી જૂન સુધી ફોટોકોપી માટે અરજી કરી શકે છે. નાપાસ ઉમેદવારો માટેની પૂરક પરીક્ષા જુલાઈ-ઓગસ્ટમાં લેવામાં આવશે અને પરીક્ષાના ફોર્મ ઓનલાઈન ભરી શકાશે..પૂરક પરીક્ષા 27મી મેથી શરૂ થશે.

. . . . . . . . . . . . . . . . . .

POOL- HARSHAL, (નવીન)